## <u>આંક–૧ નીચે હુકમ</u>

**૧.** અરજદારના નં.૧ ના પતિ તથા અરજદાર નં.ર અને ૩ ના પિતા ગુજરનાર દિપેશકુમાર મહેશ ગુપ્તા ઉર્ફે માહૌર નાઓનુ અકસ્માત થતા અકાળે અવસાન થતા તેમના અકસ્માત વળતરના રકમની માગણી માટે અરજદારો સુરત જીલ્લાની મોટર એકસીડેન્ટ કલેમ ટ્રીબ્યુનલ સમક્ષ એમ.એ.સી.પી. નં.૭૦/૨૦૨૪ દાખલ કરેલ હતી તે અરજીમાં સામાવાળા આઈ.સી.આઈ.સી.આઈ.લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિમીટેડ સાથે લોક અદાલતમાં રૂપિયા ૧૩,૭૦,૦૦૦/– સમાધાન થયેલ તે પૈકી રૂ.૧૧,૪૧,૬૬૬/– રકમ નેશનલાઈઝ બેંકમા ફીકસ ડીપોઝીટ કરવાનો પેમેન્ટ ઓર્ડર તા.૨૬/૧૧/૨૦૨૪ ના રોજ થયેલ. અરજદારોને હાલ સુરત ડીસ્ટ્રીકટ સીટી તાલુકાના મોજે શહેર સુરતના વધારાના પુણાના બ્લોક નં. ૬૫૫ થી નોંધાયેલ જમીનમાં આવેલ ''દીપાંજલી સોસાયટી'' ના નામથી ઓળખાતી જમીનમાં રહેણાક હેઠળ પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૪૧/એ વાડી જમીન ઉપર બાંધવામાં આવેલ 'ધનલક્ષ્મી કોમ્પ્લેક્ષ' નામથી બિલ્ડીંગમાં આવેલ ફલેટો પૈકી ફલેટ નં.૨૦૨ વાળી અમલા સહીતની મિલકત અરજદારે સંયુકત નામે રામ પ્યારી કમલ કિશોરભ મંત્રી પાસેથી રૂ.૮,૦૦,૦૦૦/ ના અવેજ બદલ ખરીદવાનુ નકકી કરેલ છે, માટે નાણાની જરૂર હોય જેથી સદર ફીકસ ડીપોઝીટ બ્રેક કરી નાણા પાકતી મુદત પહેલા ઉપાડવા માટે હાલની અરજી કરેલ છે.

**૨.** સદર અરજી સંદર્ભે અરજદારના વિ.વકીલશ્રી હાજર રહેલ અને અરજદારોને મકાન લેવાની ખુબ જરૂરીયાત છે અને હાલની ફીકસની રકમ

વગર મકાન ખરીદી શકે તેમ નથી જેથી ફીકસની રકમ અપાવવા રજુઆત કરેલ છે. જયારે સામાવાળા તરફથી આ સંદર્ભે રજુઆત કરવા કોઈ હાજર રહેલ નથી.

**3.** સદર અરજી તથા રેકર્ડ જોતા અરજદારોએ જે નોટરી સમક્ષ થયેલ દસ્તાવેજ રજુ થયેલ છે તે મિલકત ખરીદ કરવાની રજુઆત કરેલ છે તે સંદર્ભે માર્ક ૪/૬ થી ડાયરીનુ એક પાનુ રજુ કરેલ છે જેમા રૂ.૮,૦૦,૦૦૦/-મા આ મકાન ખરીદવાનુ જણાવેલ છે અને રૂ.૧૧,૦૦૦/- ટોકન પેટે આપેલાનો ઉલ્લેખ છે,પરંતૃ આ ડાયરીના પાનાથી મિલકતના હકક હીત સંદર્ભે પક્ષકારો વચ્ચે સોદો થયેલ હોય તેવુ માની શકાય તેવો પુરાવો નથી. આમ, અરજદારની અરજીની હકીકતની સમર્થનમાં કોઈ એવો પુરાવો જણાતો નથી કે જેથી અરજદારોએ  મિલકત ખરીદવાનો કોઈ વ્યવહાર કરેલ હોય. આમ અરજદારની અરજીમાં કોઈ તથ્ય જણાતુ ન હોય અને અરજદારોને જે રકમ ચુકવેલ છે અને અફ.ડી.માં મુકેલ છે તેઓના ભવિષ્યને ઉપયોગી થઈ શકે તે માટે મુકેલ છે જેથી આ રકમ રજુ કેસ પેપર્સને ધ્યાને લેતા પરત આપવાનો ઉચીત માનતો નથી જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

૧. અરજદારોની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૧ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તારીખ:૧૧/૦૩/૨૦૨૬
સુરત.

**(આર.આર.ભટ્ટ)**
બીજા અધિક સેશન્સ જજ,સુરત.
Code No.GJ-00608